દાંતીવાડાના આરખી ગામે જૂથ અથડામણ : મકાનોને આગ ચંપાઈ





'રોઝી સ્ટર્લીંગ' યુરોપના દેશોનું પક્ષી છે જેનો પરિચય આપણે અગાઉ મેળવી ચૂક્યા છીએ. શિયાળાની જમાવટ થતી જાય છે ત્યારે આ પક્ષીના આગમનથી ગાંધીનગરની સુંદરતામાં વધારો થયો છે એ આ પક્ષીઓના સમૂહથી સારી પેઠે સમજી શકાય છે. (તસવીર : નિકુંજ પી વૈશ્યક)

# માળી પંથકમાં હડકાયા કુતરાએ ૩ બાળકો અને ૨ પશુઓને બચકા ભર્યા

મોડાસા, તા. ૨૪

હિંમતનગર તાલુકાના માળી અને પેઢમાલા ગામે તાજેતરમાં હડકાયા કુતરાએ ૩ બાળકો અને ૨ પશુઓ પર હુમલો કર્યો હતો. માળી ગામના એક વાળંદ પરીવારનું એકાદ વર્ષનું બાળક પોતાના ઘર આગળ રમતુ હતુ ત્યારે એક હડકાયા કુતરાએ બાળકને સાથળના ભાગમાં બચકા ભર્યા હતા. ત્યારે બાળકે ચીસાચીસ કરી મુકતા આજુબાજુથી લોકોએ ભેગા થઈને કુતરાના ચુંગાલમાંથી બાળકને બચાવ્યું હતું. જ્યારે આ હડકાયું કુતરૂ ત્યાંથી ભાગી બાજુના ગામ પેઢમાલામાં પહોંચી હાહાકાર મચાવી દીધો હતો. અને વિજયકુમાર બાબુબાઈ ચમાર (ઉં.વ.૧૨)ને હાથ અને સાથળના ભાગે એમ ૫ જગ્યાએ અને રશ્મિકાબેન રમેશભાઈ ઝાલા (ઉં.વ.૫)ને હાથના ભાગે બચકા ભર્યા હતા. તેમજ આ જ ગામના પુજાજી વક્તાજી ઝાલાની ગાયને અને દેવાજી કેશાજી ઝાલાની ભેંસને પણ કુતરાએ ઝપટમાં લીધા હતા. હડકાયા કુતરાએ તરખાટ મચાવતા બન્ને ગામમાં અફડાતફડી મચી જવા પામી હતી અને ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.




## સુરત ખાતે નેશનલ કક્ષાની રોલ બોલ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

રોલ બોલ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા પી.પી. સવાણી ઈન્ટરનેશનલ સ્કૂલ સુરત ખાતે ૭મી મીની તેમજ ૯મી સબ જુનીયર રોલ બોલ નેશનલ સ્પર્ધા તા. ૨૦થી ૨૪ ઓક્ટોબર દરમ્યાન યોજાઈ હતી. જેમાં ૪૮ ટીમના ૫૭૬ ખેલાડીઓ ભારતભરમાંથી જોડાયા હતા. સ્પર્ધાના ઉદ્દઘાટન સમારોહમાં રાકેશ રાય, નરેશ રીંબડીયા, અનુરાગ શર્મા, જીગ્નેશ પરમાર, ઓમી શર્મા, સીમા મીજા, એલ.પી. સરે, રચના શર્મા, જ્યોતિ પ્રકાશ, રોલ બોલ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ઉપપ્રમુખ ધર્મેશ પરમાર, દિવ્યેશ ગોહેલિ, કેતન ત્રિવેદી સહિત મોટી સંખ્યામાં હોદ્દેદારો સહિત ખેલાડીઓ હાજર રહ્યા હતા.

# દેશને બદલવો હોય તો શિક્ષણને બદલવું ખૂબ જ જરૂરી છે : રાજયપાલશ્રી

## અમદાવાદની હિરામણિ સ્કુલ ખાતે 'નવી શિક્ષણ નીતિ' વિષય પર એખ દિવસીય સેમિનાર યોજાયો





ગાંધીનગર, તા.૨૪

શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ અને જન સહાયક ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 'નવી શિક્ષણ નીતિ' વિષય પરના પરિસંવાદનું આયોજન અમદાવાદની હિરામણી સ્કુલના ઓડિટોરિયમ હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદને રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીના હસ્તે દીપ પ્રગટાવીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. રાજયપાલશ્રીના હસ્તે ભારત શિક્ષણ મંડળ દ્વારા પ્રકાશિત કરાયેલ 'ભારતીય શિક્ષણ રૂપરેખા' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. સમગ્ર દિવસ દરમ્યાન નવી શિક્ષણ નીતિ વિષય પર શિક્ષણ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા ચર્ચા-વિર્મશ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, શિક્ષણનો વિષય ખૂબ જ વિસ્તૃત છે. તેના અલગ-અલગ વિષયો પાડીને ઉંડાઈથી ચર્ચા-વિચારણા કરવી ખૂબ જરૂરી છે. દેશને આઝાદ થયા બાદ બેજ વખત નવી શિક્ષણ નીતિ અમલી બનાવવામાં આવી છે. વિશ્વ જ્ઞાન ક્ષેત્રે તેજીથી આગળ વધી રહ્યું છે, આજે બદલાતી પરિસ્થિતિ સાથે સાથે શિક્ષણને જોડવું આવશ્યયક બની ગયું છે. આ પ્રસંગે શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના સચિવ શ્રી અતુલભાઈ કાઠોરી અને આયોજન પંચના ઉપાધ્યક્ષ અને હિરામણી શિક્ષા સંકુલના ટ્રસ્ટી શ્રી નરહરિભાઈ અમીને પોતાની આગવી શૈલીમાં પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યો હતા. મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત ન્યાસના સંયોજક શ્રી જયેશભાઈ ઠક્કરે કર્યું હતું. આભારવિધી ન્યાસના કાર્યકર્તા શ્રી દિપકભાઈ પંડિતે કરી હતી.

એક દિવસીય પરિસંવાદમાં ગુજરાત યુનિવર્સિટીના ઉપ કુલપતિ શ્રી એમ.એન પટેલ, જનસહાયક ટ્રસ્ટના મંત્રી શ્રી આર.સી.પટેલ, હિરામણી સંકુલના શ્રી ડૉ. અંબુભાઈ પટેલ સહિત શિક્ષણક્ષેત્રના તજજ્ઞો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# દાંતીવાડાના આરખી ગામે જૂથ અથડામણ : મકાનોને આગ ચંપાઈ

ડીસા, તા. ૨૪

દાંતીવાડા તાલુકાના આરખી ગામે આજથી પાંચેક માસ અગાઉ હિન્દુ યુવતીના અપહરણના બનાવ અંગે મુસ્લિમ યુવક સામે ફરિયાદ થઈ હતી. જેમાં મુસ્લિમ યુવકના કબજામાંથી સગીર યુવતીને છોડાવી તેના પરિવારજનોને સોંપી પોલીસે આ મામલે મુસ્લિમ યુવક વિરૂદ્ધ બળાત્કાર અને સગીર બાળકો સાથે જાતીય અત્યાચારના કાયદા પોક્સો મુજબ ગુનો નોંધી તેને જેલહવાલે કર્યો હતો. જો કે પીડિત યુવતીના પરિવારજનોમાં આ ઘટનાનો આક્રોશ હતો. ત્યારે આજરોજ શનિવારે બપોરના સમયે ધોળે દિવસે કેટલાક અજાણ્યા લોકોએ આરખી ગામે રહેતા અને આ બનાવ બાદ ભયથી અન્યત્ર આશરો લેતા લઘુમતી પરિવારના લોકોના દસથી વધુ મકાનોને આગ ચાંપી હતી. આ ઘટનાની જાણ થતા જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાએ પાંથાવાડા પોલીસે રાહત અને મદદમાં અહીં પહોંચી ફાયર ફાઈટરની મદદે આગ બુજાવી હતી અને આ ગુનો આચરનાર તત્વોની શોધખોળ હાથ ધરી હતી.

આ ઘટનાના મૂળની વાત કરીએ તો પાંચ માસ અગાઉ દાંતીવાડા તાલુકાના પાંથાવાડાના આરખી ગામનો ફિરોજ ઉર્ફે કુદો આજ ગામની એક સગીર યુવતિ સાથે પલાયન થઈ જતાં મામલો તંગ બન્યો છે અને આ બાબતે પાંથાવાડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જોકે પાંથાવાડા આજુબાજુના ગામમાં રહેતા મુસ્લિમ પરિવાર માટે આ બનાવ ખૂબ જ કમનસીબ સાબિત થયો હતો. અને ભયભીત બનેલા ગામના મુસ્લિમ લોકો ગામ છોડી ચાલ્યા ગયા હતા અને તે બાદ જિલ્લા પોલીસવડા તેમજ જિલ્લા કલેક્ટરને લેખિત રજુઆત કરી જણાવ્યું હતું કે પાંથાવાડા વિસ્તારના લોકો પૈસે ટકે સુખી છે અને રાજકીય લાગવગ ધરાવતા હોવાથી અમોને માનસિક રીતે ત્રાસ આપી હેરાન કરી રહ્યા છે તે માટે અમે લોકોએ અમારા નાના-નાના બાળકો સાથે ગામ અને ઘર છોડીને ચાલ્યા ગયા છીએ. જેના કારણે અમારા ઘરે બાંધેલા ઢોર, ઘેટાં-બકરાં પણ ઘાસ અને પાણી વગર મોતને ભેટી રહ્યા છે. ડીએસપી અને કલેક્ટરને લેખીત અરજી કરી હતી જો કે આ તમામ બાબતો વચ્ચે મુસ્લિમ પરિવારોને તંગ વાતાવરણનો જે ભય હતો તેવી જ ઘટના અહી બની હતી અને આરખી ગામે આજે કેટલાક અજાણ્યા શખ્સો પહોંચ્યા હતા. જેમને મુસ્લિમ પરિવારના લોકોના મકાનોને નિશાન બનાવી આગ ચાંપી હતી. ધોળે દિવસે બનેલી આ ઘટનાની જાણ થતા પોલીસ દોડતી થઈ હતી અને મુસ્લિમ પરિવારના મકાનોને બચાવવા અગ્નિશામક દળ અને સ્થાનિકો સાથે ભારે જહેમતે આગ પર કાબુ મેળવાયો હતો. જોકે આગમાં મુસ્લિમ પરીવારજનોની લાખોની મિલકત સ્વાહા થઈ હતી. આ ઘટનાની જાણ થતા ખુદ જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયા ઘટનાસ્થળે પહોચ્યા હતા. તાત્કાલિક અહી સુરક્ષા વધારી આગ લગાડનારા તત્વોને કાયદા મુજબ કડક કાર્યવાહીના આદેશો આપ્યા હતા. જોકે આ બનાવથી સમગ્ર પાંથાવાડા પંથકમાં અજંપાભરી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે આ મામલે પાંથાવાડા પોલીસે આ મકાનોને કોને આગ ચાંપી છે, શું આ મામલામાં લવ જેહાદનો રોષ કે અદાવત છે, કે પછી અન્ય લોકો આ ઘટનામાં સંડોવાયેલા છે તેની ઝીણવટભરી તપાસ આ મામલે પોલીસે તપાસ હાથ ધરી હતી.







### કંપની સમાચાર

## ઈવેન્ટ મેનેજમેન્ટ ફેડરેશન-ગુજરાતના એવોર્ડ ફંક્શન ACE-2015માં ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની સ્કારલેટ ઈવેન્ટ્સ બે એવોર્ડ્સથી સન્માનિત

આગવી રચનાત્મક શૈલીમાં, કળા કૌશલ્યથી દિપી ઉઠતા દરેક ઈવેન્ટ્સનું શ્રેષ્ઠ આયોજન કરનાર પ્રિયમ અજય કાપડીયા-સ્કારલેટ ઈવેન્ટ્સ અમદાવાદ ને વેડીંગ પ્લાનીંગ (ઓવર ઓલ) કેટેગરીના ખૂબ જ પ્રતિષ્ઠિત ગોલ્ડ એવોર્ડ તેમજ શ્રેષ્ઠ મહેંદીના સુંદર આયોજન માટેના બ્રોન્ઝ એવોર્ડથી EMF ACE-2015 એવોર્ડ સમારંભમાં તા.૧૧-૧૦-૨૦૧૫ના રોજ YMCA, અમદાવાદ ખાતે સન્માનિત કરવામાં આવ્યા.



માત્ર ૨૫ વર્ષ ની યુવાન વયના ઈવેન્ટ પ્લાનર શ્રી પ્રિયમ કાપડીયા ઈવેન્ટ મેનેજમેન્ટના વિષય સાથે MBAની ડિગ્રી ધરાવે છે. કલાત્મકતાની આગવી સૂઝ અને ભણતર તેમજ ગણતરની ભેગી સમજથી તેઓ ભવિષ્યમાં પ્રગતિ સાથે વધુ મોટી સિધ્ધી મેળવે તેવી શુભેચ્છા. સ્કારલેટ ઈવેન્ટ્સ-અમદાવાદની પ્રતિષ્ઠિત એડવર્ટાઈઝીંગ એજન્સી સ્વસ્તિક એડ્સની સહયોગી કંપની છે.

## મેગ્નેટી મરેલીનો રોબોટાઈઝડ ગિયર બોક્સીઝના ઉત્પાદનનો નવો પ્લાન્ટ ભારતમાં કાર્યરત

મેગ્નેટી મરેલી, મારૂતિ સુઝુકી અને સુઝુકી મોટર કંપનીના સંયુક્ત સાહસ મેગ્નેટી પાવરટ્રેન ઈન્ડિયા પ્રા.લિ. દ્વારા ઓટોમોબાઈલ્સમાં રોબોટાઈઝડ ગિયર બોક્સીઝ બનાવવાનો પ્લાન્ટ ભારતમાં ગુડગાંવ નજીક માનેસરમાં કાર્યાન્વિત થયો છે. રોબોટાઈઝડ ગિયર બોક્સીઝને ઓટોમેટેડ મેન્યુલ ટ્રાન્સમિશન તરીકે પણ ઓળખવામાં આવે છે. માનેસરમાં અન્ય પાવર ટ્રેન ઈલેક્ટ્રોનિક કન્ટ્રોલ યુનિટ્સ પણ આવેલા છે.

આ પ્લાન્ટ સંપૂર્ણપણે કાર્યાન્વિત થયા બાદ અંદાજે ૧૧૫ લોકોને રોજગારી પુરી પાડશે અને વાર્ષિક ૨,૮૦,૦૦૦ રોબોટાઈઝડ ગિયર બોક્સીઝનું ઉત્પાદન કરશે. ભારતમાં હાલમાં મારૂતિ સેલેરીયો, મારૂતિ અલ્ટો, ટાટા નેનો અને ટાટા ઝેસ્ટ દ્વારા મેગ્નેટી મરેલી એએમટી ગિયરબોક્સીઝનો સફળતાપૂર્વક વપરાશ કરવામાં આવે છે.

એએમટીને કારણે ઈલેક્ટ્રો હાઈડ્રોલિક એડ બોન ડિવાઈસ સાથે સરળ મેન્યુઅલ ટ્રાન્સમિશન શક્ય બને છે. ભારતમાં તેની સફળતાનું કારણ ગ્રાહક અને વપરાશકારનો પાર્ટસ પ્રત્યેનો હકારાત્મક અભિગમ છે. આ ટેકનોલોજી ઈલેક્ટ્રોનિક કન્ટ્રોલ યુનિટ અને ઈલેક્ટ્રો હાઈડ્રોલિક સિસ્ટમ સાથે આધારિત છે.

## ટકરાવની સંભાવના

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા અગાઉથી આ કાર્યક્રમની ઘોષણા થઈ ગઈ હતી તેને રાજ્ય ચૂંટણી પંચે સ્હેજ પણ ધ્યાને લીધી નથી તેનું દુઃખ રાજકીય પક્ષોના આંતરિક વર્તુળોમાં વ્યક્ત થતુ જોવા મળી રહ્યું છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે કવાયત ક્યારનીય હાથ ધરાઈ હતી પરંતુ તેમાં થયેલા કેટલાક ફેરફારો અને કાનૂની વિવાદ પછી હવે આ બન્ને બંધારણીય સંસ્થાનો વચ્ચે ટકરાવ થાય તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. જો કે અધિકારીઓ ટકરાવની સ્થિતિનો ઈન્કાર કરી રહ્યા છે પણ એક કર્મચારી બે સ્થળે કેવી રીતે કામગીરી સંભાળશે ? હવે આ મુદ્દો આગામી સપ્તાહમાં શું ફેરફારો લઈ આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

## આઠ વર્ષમાં ઓક્ટ્રોય ગ્રાન્ટના ચાર હજાર કરોડ ઓછા મળ્યા

અમદાવાદ, તા.૨૪

કોર્પોરેશનની ચૂંટણી નજીક આવી ચુકી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતપોતાની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. કોર્પોરેશનને આચારસંહિતા અમલી બની ગયા બાદ પોલિસી નિર્ણયમાં અડચણો પડશે અને આવા કોઈ નિર્ણય લઈ શકાશે નહીં. પ્રાપ્ત માહિતી મુજબ ગ્રાન્ટના રૂપિયા સમયસર નહીં મળવાથી અને ઓછા મળતા સામાન્ય કામોમાં ગતિધીમી થઈ છે.

### સ્માઈલ ફ્લૂ (૪ પાનાનું ચાલુ...)

સ્ટાઈલ કે કોઈ ના દેખાવ અને શરીરના બાંધા સ્માઈલ માટેના વિષય બનતા હતા. કોઈના નામના ટુંકાક્ષર જેમ કે પકો... બકો... છનો... વિગેરેના ઉચ્ચાર માત્ર સ્માઈલનું કારણ બનતા હતા. તો કોઈ વ્યક્તિ માટેનાં સાંકેતિક નામ પણ રમૂજ ઉત્પન્ન કરતાં. અમારા એક પડોશી શિક્ષકની વાતચીત અને અવાજની ખાસિયતને લઈને અમે તેમનું નામ કાગડો પાડ્યું હતું. તેમના વિશે જયારે પણ અમે ઘરમાં વાતચીત કરીએ ત્યારે, ... કાગડો સાવ નક્કામો છે... કાગડો આમ.. અને કાગડાની વહુ આમ... એ રીતે વાત કરીએ. અમારી ભાણી એક વખત અમારે ત્યાં વેકેશનમાં રહેવા આવી હતી. તે એમને આ રીતે વાત કરતાં સાંભળી ગઈ, ત્યારે હસતાં હસતાં કહે, 'મામા... તમે કોના વિશે વાત કરો છો, તે તો કહો.' આ રીતે સાંકેતિક નામ પાડવાની મજા પણ આવે અને તેના ફાયદા પણ થાય. જેનું સાંકેતિક નામ પાડ્યું હોય, તે વ્યક્તિની હાજરીમાં કે ગેરહાજરીમાં તેના વિશે ગમે તેમ ભરડીએ તો પણ તેને કે બીજા કોઈને જરા સરખી પણ ગંધ આવે નહીં. એ ખરું કે આપણાં વિશે પણ કોઈક સાંકેતિક નામ પાડતાં હશે. તેની આપણે પણ માનસિક તૈયારી રાખવી પડે.

આજના મંગલ દિવસે પરમ કૃપાળુ પરમાત્માને અમારી પ્રાર્થના છે કે સ્માઈલ ફલૂનો વાઈરસ અમારા તમારા અને તમારા પડોશીના પરિવાર સહિત સમગ્ર દેશ અને દુનિયામાં ઘણી ઝડપથી ફેલાય જાય. સહુ કોઈ તેના ભરડામાં આવી જાય. તેના અમૃતાણું ઉત્તરોત્તર વૃદ્ધિ પામે. જેથી તેની અસરથી કોઈ બાકાત રહેવા ન પામે.

### મોરપીંછના રંગ (૪ પાનાનું ચાલુ...)

ચાલતા વ્યવસાયો... વગેરે અનેક પ્રાણઘાતક પ્રશ્નો આપણી સામાજિક- પારિવારિક વ્યવસ્થાને તોડી રહ્યા છે. કેમ આવા પ્રશ્નોથી કોઈ સાહિત્યકારોએ એવોર્ડ પાછો આપવાનું ના વિચાર્યું? સરકારને હચમચાવી નાખે, આખા વ્યવસ્થા તંત્રને હચમચાવી નાખે એવી કૃતિનું સર્જન કોઈ સાહિત્યકારે ના કર્યું ? શું આ કલમદ્રોહ નથી? એવોર્ડ લેવા સુધી અકાદમીની સાથે રહેવું છે એની વાહ વાહ કરવી છે અને હવે એની જ સામે ? ક્યાં ગઈ સૌની સત્યનિષ્ઠ? સૌની નૈતિકતા ?

આજે ભારતની અખંડિત એકતાને તોડવા વૈશ્વિક ગતિ - વિધિ - નવી રાજનીતિ આરંભાઈ ચૂકી છે. જેમાં અનામત આંદોલનના યુવાનો હોય કે સાહિત્ય અકાદમીના એવોર્ડ પરત કરતા સાહિત્યકારો હોય. સૌ એ પોતપોતાની સાચી ભૂમિકા સમજીને નિર્ણય કરવો અનિવાર્ય છે. નહિતર આવનારો સમય કોઈને માફ નહી કરે. અને ઈતિહાસમાં નોંધશે માત્ર તમારો 'કલમદ્રોહ'.

- 9426060601.india@gmail.com

# ખેડબ્રહ્માની ગ્રેવિટિ સ્કુલમાં વિજ્ઞાન મેળો યોજાયો

ખેડબ્રહ્મા, તા.૨૪

ખેડબ્રહ્માની ગ્રેવિટિ ધ સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા શાળામાં વિશેષ વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ પ્રયોગોની રજુઆત કરી હતી. આ વિજ્ઞાન મેળામાં ઉદઘાટક તરીકે નાયબ કલેકટર વિશાલ સકસેના તથા ખેડબ્રહ્માના મામલતદાર વી.બી. મકવાણા ઉપસ્થિત રહ્યા હતા અને મેળાને ખુલ્લો મુકયો હતો જયારે વિદ્યાર્થીઓએ પણ રસાયણ શાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન અને બાયોલોજીના સિધ્ધાંતો પર અદભુત પ્રયોગો રજૂ કર્યા હતા. વિજ્ઞાન મેળામાં ઉત્સાહી બાળકો અને શિક્ષકોને ટ્રસ્ટી દિનેશભાઈ પટેલ, ગોપાલભાઈ પટેલ, આચાર્ય દેવડાભાઈ, હરિહરભાઈ પાઠક, અંબુભાઈ પટેલે પ્રોત્સાહન પુરૂં પાડયું હતું.



ટચૂકડી જાહેર ખબર

ગાંધીનગર માટે

LED T.V., LCD T.V., Colour T.V.
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

વેચવાની છે

૧૫૦ ખુરશી
૭ અને ૮ની હરોળવાળી
ગુજરાત નગરપાલિકા
પરિષદ ભવન
સેક્ટર-૧૧, ન્યાય મંદિર
પાછળ, ઘ-રોડ, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૨૭૨૯૦
મો. ૯૮૭૯૨ ૧૧૯૧૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ